Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

મ સં. ૮૧ (ચાલુ) વીર સં. ૨૫૦૨
વિક્રમ સં. ૨૦૩૨ અષાઢ

વાર્ષિક લવાજમ રૂા. ૭

## વીરવાણી

जयं चरे, जय चिट्ठे जयमासे जयं सए ।
जय भुंजन्तो भासन्तो पावं कम्म न बन्धइ ।।

સાધક વિવેકથી ચાલે, વિવેકથી ઊભો રહે, વિવેકથી બેસે, વિવેકથી સૂવે, વિવેકથી ખાય અને વિવેકથી બોલે તો તેને પાપકર્મનું બંધન ન થાય.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૭૩ ] જુલાઈ : ૧૯૭૬ [ અંક : ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ પૂ. આ. શ્રી બુદ્ધિસાગરજી સ્મૃતિ (કાવ્ય) | શ્રી જયતિલાલ મો. ઝવેરી | ૧૫૫ |
| ૨ કરુણાની પરાકાષ્ટા | શ્રી મનસુખલાલ તા. મહેતા | ૧૫૬ |
| ૩ મંગલં ભગવાન વીરો યાને શ્રી મહાવીર જીવન જ્યોત | (પ્રસ્તાવનામાંથી) | ૧૬૧ |
| ૪ સુખપ્રાપ્તિનો માર્ગ | કલાવતી વોરા | ૧૬૪ |
| ૫ સમાચાર સંચય | | ૧૬૭ |


વાર્ષિક લવાજમ છ રૂપિયા

આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબ

**શ્રી પ્રતાપરાય બેચરદાસ શેઠ** (કટકવાળા એન્ડ કું.) **મુંબઈ**

## સભાનો વાર્ષિક ઉત્સવ

આ સભાનો ૮૦મો વાર્ષિક ઉત્સવ જેઠ વદી ૮ રવિવાર તા. ૨૦ ૬–૭૬ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે સ્વ. શેઠ મુળચંદ નથુભાઈ તરફથી સભાના લાઈબ્રેરી હોલમાં સવારના ૧૦–૦૦ કલાકે રાગ–રાગણીથી પૂજા ભણાવવામાં આવી હતી. સારી સંખ્યામાં ભાઈઓએ હાજરી આપી હતી અને પ્રભાવના પણ કરવામાં આવી હતી.

## આવતો અંક પર્યુષણ અંક

અમારો આવતો અંક પર્યુષણ અંક તરીકે તા. ૨૦–૮–૭૬ના રોજ બહાર પડશે તો સૌ લેખક ભાઈઓને વિનંતી કે તેમના લેખો તા. ૧૦–૮–૭૬ સુધીમાં મોકલી આપે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન
### સિરોહી નિવાસી હાલ ગદગસીટી
# શ્રી દલીચંદ પૂનમચંદ શાહ
### જીવનની ટૂંકી રૂપરેખા



પિંડવાડા સ્ટેશનથી બે માઈલ દૂર વાયવ્યમાં ઝાડોલી નામે એક પ્રાચીન ગામ આવેલું છે અને તેનાથી ૧૪ માઈલ દૂર પશ્ચિમમાં જૈનોનાં અનેક મંદિરોની નગરી સિરોહી આવેલી છે. મારવાડની નાની પંચતિર્થી યાત્રામાં જતા યાત્રિકો અચૂક સિરોહીના પ્રખ્યાત મંદિરોના દર્શન કરે જ છે. સિરોહી ઐતિહાસિક પુરાણી નગરી છે અને ઈ. સ. ૧૫૪૪માં આપણા મહાન આચાર્ય શ્રી હીરવિજયસૂરીશ્વરજીને આ નગરીમાં આચાર્યપદવી અપાયાનો ઉલ્લેખ છે. કહેવાય છે કે આ પ્રસંગે ત્યાં સોનામહોરની પ્રભાવના કરવામાં આવી હતી. આવા પવિત્ર તીર્થધામરૂપ સિરોહી નગરીમાં સં. ૧૯૬૮ના આસો શુદ ૧૪ શુક્રવાર તા. ૨૫-૧૦-૧૯૧૨ના શ્રી દલીચંદભાઈનો જન્મ થયો. તેમના પિતાશ્રીનું શુભ નામ પૂનમચંદ અને માતાનું નામ પોકુબેન.

શ્રી દલીચંદભાઈએ પોતાની બાલ્યાવસ્થા સિરોહીમાં જ પસાર કરી અને પ્રાથમિક અભ્યાસ પણ ત્યાં જ કર્યો પચ્ચીસ વર્ષની યુવાનવયે પોતાનું ભાગ્ય અજમાવવા શ્રી દલીચંદભાઇ કર્ણાટક પ્રાંતના ગદગ શહેરમાં આવ્યા અને પોતાના પરમ પુરૂષાર્થ અને સતત પ્રયત્નો વડે આ શહેરમાં અપૂર્વ સફળતા પ્રાપ્ત કરી. ત્યાં જ સ્થિર રહીને કમીશન એજન્ટ અને અન્ય ધંધામાં પ્રામાણિકતા અને નીતિના કારણે અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી.

કોઇ પણ માણસ જ્યાં સુધી કોઇ વસ્તુ માટે પરિશ્રમ ન ઉઠાવે, ત્યાં સુધી વસ્તુ તેની આગળ આવી પડતી નથી, આ વાત શ્રી દલીચંદભાઇ સારી રીતે સમજતા હોવાથી તેમને સફળતા પ્રાપ્ત થતાં વધુ સમય ન લાગ્યો. પછી તો Success follows success એટલે કે સફળતા જ તેની પાછળ સફળતા લાવે છે તેમનામાં તક તકાસવાની સાવધાનતા, તકને પકડી લેવાનું કૌશલ્ય, નૈતિક હિંમત અને દૃઢ મનોબળના કારણે આજે તો કર્ણાટક અને સર્વત્ર **શાહ દલીચંદ પૂનમચંદની** પેઢીએ અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે. મોટા ભાગે એવું બનતું જોવામાં આવે છે કે જ્યાં ધન છે ત્યાં ધર્મ નથી, જ્યાં ધર્મ છે ત્યાં ધનના વખા છે. શ્રી દલીચંદભાઈના જીવનમાં ધર્મ અને ધન બંનેનો સમન્વય થયો છે. આવું બનતું ક્વચિત જ જોવામાં આવે છે.

શ્રી દલીચંદભાઈનું સમગ્ર જીવન સંયમી અને ધર્મનિષ્ઠ છે. ધર્મના સંસ્કારો તો તેમને તેમની માતા તરફથી ગલથૂથીમાં જ મળ્યાં છે. હંમેશા નિયમિત સેવા પૂજા સામાયિક તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રાવકના આચારોનું અક્ષરશઃ પાલન તેઓ કરે છે. તેમનું જીવન વૈરાગ્યપ્રધાન છે અને જીવન તેમજ સંસારનું સ્વરૂપ તેઓ સમજી શક્યાં છે. સંસારની અસારતા, વિષયોની નિર્ગુણતા, ભોગોની ભયંકરતા, કામની કુટિલતા તેમજ દેહની ક્ષણભંગુરતા અને ઇન્દ્રિયોની માદકતાનો તેમને સચોટ ખ્યાલ છે, તેથી તેમના જીવનમાં વૈરાગ્યની પ્રધાનતા હોય, એ તો સ્વાભાવિક છે.

શ્રી દલીચંદભાઈના લગ્ન તેમની પંદર વર્ષની વયે સિરોહી નિવાસી શાહ હંસરાજજી ગાંધીની સુપુત્રી મૂળબાઈ સાથે થયા હતા. કહેવાય છે કે Like attracts the like અર્થાત્ જે જેવું હોય તેવા પ્રત્યે તેનું ખેંચાણ થાય છે. ઘણી વાર લગ્નના પાત્રોમાં પતિ પત્નીનું જોડાણ પણ આ નિયમ અનુસાર થતુ જોવાય છે. શ્રી દલીચંદભાઈ જેવા ધર્મનિષ્ઠ અને નિષ્ઠાવાન છે, તેવા જ તેમના પત્ની મૂળબાઈ છે. સંસ્કાર અને સૂઝ માત્ર અભ્યાસથી પ્રાપ્ત નથી થતાં, એ તો સંતાનોને વારસામાં મા બાપ તરફથી જ પ્રાપ્ત થતા હોય છે. શ્રી મૂળબેન ભારે સંયમી અને તપસ્વી છે. જ્ઞાની પુરૂષોએ તપનો અચિન્તનીય પ્રભાવ અને મહિમા કહ્યો છે. માનવ જીવનની સાચી સાર્થકતા તો સકામ નિર્જરાવાળા તપશ્ચરણમાં જ રહેલી છે. શ્રી મૂળબેને પણ આ વાત લક્ષમાં રાખી ઉપધાન, વરસી તપ, અઠ્ઠાઇ તેમજ અનેક નાના મોટા તપ કરી જીવનને સાર્થક કર્યું છે. પતિના પુરુષાર્થની સાથોસાથ પત્નીના તપ અને સુભાગ્યનો જો સમન્વય થાય, તો જીવનમાં ચારે તરફથી સુખ પ્રાપ્ત થાય છે, તે વસ્તુ શ્રી દલીચંદભાઈ અને તેમના પત્ની મૂળબેનના જીવન પરથી જોઇ શકાય છે.

શ્રી દલીચંદભાઈ અને શ્રી મૂળબેનના સુખી દાંપત્ય જીવનના ફળરૂપે એક પુત્ર છે જેનું નામ શ્રી કાંતિલાલભાઈ. શ્રી કાંતિલાલભાઇએ પણ વેપારી લાઈનનો અભ્યાસ કરી બી.કોમ.ની ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી છે અને ગદગમાં ઈન્કમ ટેક્ષ, સેલટેક્ષના કામની સ્વતંત્ર પ્રેક્ટીસ કરે છે. શ્રી કાંતિલાલભાઇને ત્યાં ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓનો પરિવાર છે.

ઈ સ. ૧૯૬૨માં ગદગમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનના નૂતન જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે શ્રી દલીચંદભાઇએ અત્યંત ઉલ્લાસ અને આનંદપૂર્વક સકળ સંઘને આમંત્રી નવકારશી જમણ આપ્યું હતું. વરસોથી ગદગમાં રહેવા છતાં તેમના મૂળ વતન સિરોહી પ્રત્યેના પ્રેમ અને લાગણી તેવા જ છે. તેમના પત્ની શ્રી મૂળબેનની અઠ્ઠાઈ પ્રસંગે સિરોહીમાં સકળ સંઘને આમંત્રણ આપી નવકારશી જમણ આપ્યું હતું, તેમજ પોતાના ઘરે પારણું પધરાવ્યું હતું. તે જ વરસમાં એટલે કે ઈ. સ. ૧૯૬૬માં સ્વર્ગસ્થ આચાર્યદેવ વિજયલક્ષ્મણસૂરીશ્વરજીની નિશ્રામાં શ્રી દલીચંદભાઇએ સિરોહીમાં ઉપધાન તપ કરાવેલ તેમજ ઉપધાનની પ્રથમ માળા તેમના પત્ની શ્રી મૂળબેને પહેરવાનો અપૂર્વ લહાવો લીધો હતો. તે સમયે પૂજ્યપાદ આચાર્ય લક્ષ્મણસૂરિજીના પટ્ટધર શિષ્ય પંન્યાસ શ્રી કીર્તિચંદ્ર(હવે આચાર્ય)જીને આચાર્ય પદવી આપવાનો ભવ્ય સમારંભ યોજાયો હતો. ભારતના તમામ જૈન તીર્થસ્થાનોની યાત્રા શ્રી દલીચંદભાઈએ કરી છે અને ઉદારતાપૂવક શુભ કાર્યોમાં પોતાના ધનનો ઉપયોગ કરે છે.

શ્રી દલીચંદભાઈ જેવા સૌજન્યશીલ, ધર્મનિષ્ઠ મહાનુભાવ આ સભામાં પેટ્રન તરીકે જોડાયા તે બદલ અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને આવા અનેક શુભ કાર્યો તેમના હાથે થાય એવી શુભેચ્છા સાથે વિરમીએ છીએ.

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૩ | વિ. સં. ૨૦૩૨ અષાઢ : ઇ. સ. ૧૯૭૬ જુલાઈ | અંક : ૯

તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા • સહતંત્રી : શ્રી કાન્તિલાલ જગજીવનદાસ દોશી


પૂજ્ય આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી

## સ્મૃતિ

વંદન કરૂં પ્રેમથી, પૂજું તમારા પાય;
બુદ્ધિસાગર સમરૂં સદા, જેથી કંચન કાયા થાય. વંદન કરૂં૦

સંત પુરૂષ સાચા હતાં, જૈન જ્ઞાની જગમાંય;
યોગીશ્વર તે હતાં, ગુણ તેમના ગવાય. વંદન કરૂં૦

જૈન સાહિત્ય શિરોમણી, રત્નાકર ગણાય;
વીર વાણી હૃદયે હતી, અંતર ઉજ્વળ જણાય. વંદન કરૂં૦

સાદુ જીવન ગાળતાં, મનડામાં મલકાય;
ઐકયતાના સુકાની તે હતાં, કીર્તિ જગે ગવાય. વંદન કરૂં૦

ચંદ્ર જેવા શિત તેજથી જગમાં જે વખણાય;
તેમને નમવા સ્નેહથી, જયંત ઝવેરી લલચાય. વંદન કરૂં૦

રચયિતા : જયંતિલાલ મોહનલાલ ઝવેરી–અમદાવાદ

For Private And Personal Use Only

# કરુણાની પરાકાષ્ટા

લે. મનસુખલાલ તારાચંદ મહેતા

આ અવની પર કોઈ કોઈવાર પૂર્વભવના યોગભ્રષ્ઠ જીવો પણ જન્મ લઈ પોતાના ગત ભવની અધૂરી સાધના પૂર્ણ કરે છે, પણ આવા જીવોને ઓળખવાનું કાર્ય ભારે કઠિન છે. તેથી જ કોઇએ સાચું જ કહ્યું છે કે, ‘ભગત ભૂખે મરે, જગત હાંસી કરી મોજ માણે’ આવા જીવો જ્યારે આ અવની પરથી વિદાય થાય છે, ત્યારે લોકોને તેઓની સિદ્ધિનો સાચો ખ્યાલ આવે છે, પણ એ બધું તો રાંધ્યા પછીના ડહાપણ જેવું છે.

સૌરાષ્ટ્રમાં આજથી લગભગ અઢીસો વર્ષ પૂર્વે આવી એક વિભૂતિ થઈ ગઈ. તેનું નામ તો હતું મૂળો. જન્મ થયો હતો લુહાર જ્ઞાતિમાં. પરંતુ માનવનું મહત્ત્વ તેના કુળ કે જ્ઞાતિના કારણે નથી, પરંતુ તેના ગુણોને કારણે છે. એ મૂળો ઇતિહાસમાં સંત મૂળદાસના નામે વિખ્યાત થઈ ગયો. તેના જીવનના એક કરુણ પ્રસંગની આ અદ્ભુત કહાણી છે.

સંત મૂળદાસ સંસારના કાદવકીચડથી અલિપ્ત રહ્યા હતા અને એક નદી કાંઠે પોતાનો આશ્રમ કરી ત્યાં સાધના કરતા હતા. રાત્રિના છેલ્લા પહોરે જાગ્રત થઈ નદી કાંઠે જઇ ધ્યાનમાં મગ્ન થઈ જતા. કૃષ્ણ પક્ષની એક કાળી રાતે અંધકાર હજુ દૂર નહતો થયો, ત્યારે આશ્રમમાંથી બહાર નીકળતી વખતે, આશ્રમમાં દૂર આવેલા કૂવા તરફ ઝડપથી કોઈ વ્યક્તિને જતા જોઈ, એટલે સંતને આશ્ચર્ય થયું કે અત્યારમાં કૂવા તરફ કોણ જઈ રહ્યું હશે? સંત પાછા ફર્યા અને કૂવા નજીક આવતાં કાંઠા પર ઉભી રહેલી એક યુવાન બાઇને કૂવામાં ઝંપલાવવાની તૈયારી કરતાં જોઈ.

સંતે કાંઠા પર ચડી જઈ તુરત જ પેલી બાઇનો હાથ પકડી લઈ કહ્યું; ‘દીકરી! તું કોણ છો? અને શા માટે આપઘાત કરી રહી છો? આતમઘાત એ તો મહાપાપ છે. આ રસ્તે દેહનો અંત લાવી શકાય છે, પણ તેથી કાંઇ કર્મનો અંત નથી આવી શકતો. એ તો તારે નવો દેહ ધારણ કરી ભોગવવા જ પડવાના! દુઃખથી ભાંગી પડવાને બદલે વ્યક્તિ માત્રે દુઃખને ભોગવી લેવાની શક્તિ કેળવવી જોઇએ. જેના ભાગ્યમાં આગળ વધવાનું નિર્માણ થયું હોય, તેને જ દુઃખ આવે છે. માનવ જીવન અત્યંત કીમતી છે અને એને જીવી જાણવામાં ડહાપણ છે. માનવ જીવન જીવતાં ન આવડે એવા જીવોએ પછી કાગડા-કૂતરાની યોનમાં જન્મ લેવો પડે છે. જેણે જીવન આપ્યું તે જ જીવનનો અંત લાવી શકે અને માનવજીવન તો આપણને ઈશ્વરે આપ્યું છે. તેથી આપઘાત કરી અકાળે જીવનનો અંત લાવવામાં તો નરી કાયરતા છે. તેમાં માનવ જીવનની શોભા નથી પણ હ્રાસ છે.’

બાઇ ધ્રુસકે ધ્રુસકે રડતાં બોલી; ‘બાપે મને દીકરી કહી, પણ બાપુ! હું તમારી પુત્રી થવાને લાયક નથી રહી. મારા માટે હવે જીવવા જેવું નથી રહ્યું. હું તો પાપનું મૂર્ત રૂપ બની ગઈ છું. હું વિધવા છું, યૌવન અને વાસનાનો હું સામનો ન કરી શકી અને પતિત બની. મારા પેટમાં બાળક આકાર લઇ રહ્યું છે, અને આ વાત લોકોના જાણવામાં આવતાં તેઓ મને જીવતી સળગાવી નાખશે. હું જીવવાને નહિ પણ મરવાને જ લાયક છું. આ ભૂમિ પર હવે હું ભાર રૂપ છું. મને આ રસ્તે જ મરવા દો!

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપે જ કથામાં એક વખત કહેલું કે ફાટી ગયેલા દૂધનો કશો અર્થ નથી રહેતો, તેને તો ઉકરડે જ ફેંકી દેવું રહ્યું.'

સંતે તેને આશ્વાસન આપતાં કહ્યું: "દીકરી, તારાથી મહાપાતક થયું છે તે સાચું, પણ પાપનો ભાર લઈ આ રીતે મરી જવાથી તો એકને બદલે બે મહાપાતક થશે. ભગવાને તને જે બાળક આપ્યું છે, તેને અકાળે મારી નાખવાનો તને કોઈ હક્ક નથી. જે થયું તે થવું જોઈતું ન હતું, પણ હવે જે થયું છે તે મિથ્યા પણ કઈ રીતે થઈ શકે? માનવ જીવન નદીના જેવું છે. નદીનો પ્રવાહ અને માનવજીવન એ બંનેમાં સમાનતા છે. નદીનો પ્રવાહ જેમ કદી સીધો નથી હોતો, તેમ નદીના પ્રવાહની માફક માનવજીવનમાં પણ કયાંક વળાંક, કયાંક પછડાટ, કયાંક ભરતી તો કયાંક ઓટની માફક દુઃખ અને વેદનાના અનુભવ થયા જ કરવાના. અને એક બીજી વાત—કંચનને શુદ્ધ થવા જેમ અગ્નિમાં તપવું પડે છે, તેમ માણસને સારા બનવા માટે તેની કિંમત રૂપે અસહ્ય વેદના, આઘાત અને દુઃખ પણ સહેવા જ પડે છે. તેથી નાહિંમત કે હતાશ થવાની જરૂર નથી. પણ હવે તારી વિસ્તૃત કહાણી મને કહે, તો તને સહાયરૂપ બનવા શકય એવા પ્રયત્નો હું કરીશ.'

એ બાઈનું નામ સુંદરી હતું અને નામ પ્રમાણે જ તે સુંદર હતી. વિધવા માતાની એકની એક પુત્રી હતી. બાલ્યવયે લગ્ન થયેલા અને દિલમાં હજુ કામવાસનાનો જન્મ થાય તે પહેલાં તો ક્રૂર વિધિએ તેને રંડાપો આપ્યો. ગરીબ માબાપને ત્યાં જ જન્મેલી આ કમનસીબ સુંદરીને અનહદ રૂપ આપી વિધાતાએ તેની ક્રૂર મશ્કરી જ કરી હતી. રડતાં રડતાં હિબકાં ભરતી સુંદરીએ તેની કથની કહેતાં કહ્યું: 'બાપુ! ભગવાને મને રૂપ આપ્યું પણ ભાગ્ય બાંડું આપ્યું. આવા કમભાગ્યને હું જીરવી લેત પણ એક શયતાનનાં વિશ્વાસઘાત અને દગાના કારણે મારી આ વલે થઇ. શિકારી જેમ એક હરિણીની પાછળ પડે તેમ મારી પાડોશમાં રહેતો એક છેલબટાઉ અને રંગીલો યુવાન મારી પાછળ પડયો. મેં બચવા પ્રયત્નો તો કર્યાં પણ એક કાળી રાતે મારા વાડામાં હું શૌચ કરવા ગઈ; ત્યારે તક ઝડપી તેણે મને પકડી અને મારી એકલતા, એકાન્ત અને શરમનો લાભ લઈ મારું શીલવ્રત ખંડિત કર્યું. આ મારું પહેલું પતન. તેની ચાલાકી અને ચતુરાઇએ મને છેતરી અને એવો દઢ વિશ્વાસ મારામાં ઉત્પન્ન કર્યો કે તે મારી સાથે લગ્ન કરશે. આવી અંધશ્રદ્ધાના કારણે પછી તો હું કીચડમાં વધુ અને વધુ ખૂંપતી ગઈ. આવા પાપાચારને કારણે અંતે ન બનવું જોઇએ તે બન્યું અને મને ગર્ભ રહી ગયો, નાહ્યે ચાર માસ થયા અને મારા દેહની કાંતિ અને છાતીનો ઉભાર વધતાં બહાર નીકળવાનું બંધ કરી, ઘરમાં જ કેદી માફક રહેવા લાગી. રાતે વાડામાં પેલો નાપાક દરરોજ મને જવાની ફરજ પાડતો. પતન પામેલી સ્ત્રીને, પછી તો તેનું પતન કરનાર પુરુષના હાથનું રમકડું બની જવું પડે છે, કારણ કે પતનનો ભય પુરુષને નથી હોતો, સ્ત્રીને જ હોય છે. મેં તેને તાત્કાલિક લગ્ન કરી લેવા વિનતિ કરી ત્યારે તે ધૂર્તે કહ્યું: 'પાપનું ફળ તો નારીને ભોગવવાનું હોય છે, મારી જેવા ભ્રમરને તેમાં શું લાગે વળગે? સધવા માટે એક ધણી, વિધવા માટે અનેક, આમ છતાં તું કહે તો તારા માટે ગર્ભપાતની દવા લાવી આપું!' એની વાત સાંભળી મને ધરતીકંપના જેવો આંચકો લાગ્યો. જીવનમાં તે દિવસે મેં જાણ્યું કે જગતમાં કોઇ વધુમાં વધુ હિંસક પ્રાણીની જાત હોય તો તે પુરુષના રૂપમાં રહેલા આવા નરાધમો અને શયતાનો જ છે. ગર્ભપાત કરવા પણ મેં અનેક ઉપાયો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અજમાવ્યાં, પણ પાપમાંયે ભારે ભાર છે, તેને સંતાડવા ગમે તેટલા પ્રયત્નો કરીએ, પણ તે તો છાપરે ચઢીને પોકારે છે. મારૂં પાપ પ્રકાશમાં આવતાં લોકો મને જીવતી જ સળગાવી દેશે. બાપુ ! હવે આપ જ કહો, મારા માટે આ રીતે મરવા સિવાય અન્ય માર્ગ જ કયાં છે ?'

સુંદરીની કરુણ કહાણી સાંભળી સંત મૂળદાસનું હૃદય દ્રવી ઊઠયું. સુંદરી પ્રત્યે વાત્સલ્ય ભાવ જાગતાં તેને વિચાર આવ્યો કે મારે પોતાને જ આવી એક પુત્રી હોત અને સંજોગોનો ભોગ બની સુંદરી જેમ માર્ગ ચૂકી હોત, તો હું શું તેને આમ મરવા દેત ? તેની સંવેદના જાગી ઊઠી, વ્યથાએ તેને ઘેરી લીધો ત્યારે અંતરના ઊંડાણમાંથી તેને પ્રેરણા જાગ્રત થઇ જેનાથી તેનું સમગ્ર ચિત્તતંત્ર હચમચી ઊઠયું. આવા પ્રસંગે પોતાનો સાચો ધર્મ સમજી લઇ તેણે કહ્યું : 'પુત્રી ! આંતરિક દૃષ્ટિએ આપણો સંબંધ પિતા-પુત્રી જેવો રહેશે, પણ બાહ્ય દૃષ્ટિએ તારા પાપ માટેની જવાબદારી હું મારે શિર લઉં છું, એટલે કે જગત સમક્ષ આપણે પતિ-પત્ની છીએ એમ મનાવવું પડશે. લોકો પછી તને સળગાવવાને બદલે જરૂર હશે તો મને જ સળગાવશે. હું પોતે જ જ્યારે આ પાપ કબૂલી લઉં ત્યાર તારો દોષ તો ગૌણ બની જાય છે.'

સંતની વાત સાંભળી સુંદરીના હૃદયને ભારે આઘાત અને આંચકો લાગ્યો. કરુણાર્દ્ર ભાવે તેણે કહ્યું : 'બાપુ ! એક પાપ તો મેં કર્યું. હવે તમારા જેવા નિરપરાધી દેવ જેવા પુરૂષને દોષિત બનાવી, તમારી કીર્તિને કલંક પહોંચાડવાનું અધમ પાપ હું કઇ રીતે કરી શકું ? તમે શું એમ ઈચ્છો છો કે હું રૌરવ નરકમાં પડું ? અરે, આવું પાપ કરૂં તો તો ત્યાં પણ મારો પ્રવેશ કઠિન બની જશે. હું જે પ્રકારના મૃત્યુને લાયક છું, તે જ માર્ગે મને મરવા દો.'

સંતે હસીને જવાબ આપ્યો : 'પુત્રી ! માન અને સન્માન તો મેં બહુ માણ્યાં અને તેનો તો હવે મને થાક લાગ્યો છે. કીર્તિ-આબરૂ-માનપાનમાં સુખ માનનાર ભલે તે બધું પ્રાપ્ત કરે, પણ હું તેમાં કશું સુખ જોઈ શકતો નથી આ જગત તો પોલુ છે અને તેમાં પ્રાપ્ત થતાં માન, અકરામ અને કીર્તિ પણ પોલાં છે.[1] હવે તો હું તારો પિતા થયો અને મારી આજ્ઞા માનવી તે તારો ધર્મ થયો. પિતાની આજ્ઞાનુસાર વર્તન કરનાર પુત્રી માટે રૌરવ નરક નહિ, પણ સ્વર્ગ જ નિર્માણ થાય છે. જીવનમાં મને સર્વત્ર આનંદ જ પ્રાપ્ત થયો છે, પણ કુદરતના કાનુન મુજબ વિધાતા જેને અલૌકિક આનંદનો ભાર સોંપે છે, તેણે અપાર વેદનાનો અનુભવ પણ જગતમાંથી વિદાય થતાં પહેલાં લેવો પડતો હોય છે.'

ભાગ્યચક્રની ભૂલ ભૂલામણીનો ભેદ પારખવો ભારે કઠિન છે. સુંદરી આશ્રમમાં સંત મૂળદાસ સાથે રહેવા આવી ગયા પછી, તેને સંત મૂળદાસથી જ હરામના હમેલ રહ્યાં છે, તે વાત પ્રગટ થતાં વાર ન લાગી. આમેય જન સમાજમાં કોઈ સારી વાતની જાહેરાત

---

૧ સંત મૂળદાસના આ જીવન પ્રસંગને કવિ કલાપીએ પોતાના કાવ્યમાં વણી લેતાં કહ્યું છે કે :

કીર્તિને સુખ માનનાર
સુખથી કીર્તિ ભલે મેળવે,
કીર્તિમાં મુજને ન કાંઈ સુખ છે
ના લોભ કીર્તિ તણે ;
પોલું છે જગ ને નક્કી જગતની
પોલી જ કીર્તિ દીસે,
પોલું આ જગ શું થતાં
જગતની કીર્તિ સહેજે મળે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

થતાં સમય લાગે છે, પણ કોઇનું દુષ્કૃત્ય કે પાપ તો આગની માફક જોતજોતામાં ચારે બાજુ પ્રસરી જાય છે. ગઈ કાલે સંત મૂળદાસને પૂજનારાઓ જ વાતો કરવા લાગ્યા કે આ મૂળા લુહારના ભગવા વસ્ત્રો તો નરી ઠગબાજી છે અને અધમ કૃત્યોની કુટિલતા ઢાંકવાનું એક સાધન છે. ગામના લોકોએ સભા ભરી અને સાધુતાના દંભી અંચળા હેઠળ વાસના સંતોષીને લોકો સાથે છેતરપિંડી કરનાર ધૂર્ત મૂળા લુહારના આશ્રમને આગ લગાડી તેને બાળી નાખવાનો તેમજ તેની ભિક્ષા બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. સંત મૂળદાસની વાતમાં કાંઈક છૂપું રહસ્ય હોવાની પાકી શંકા ગામની ત્રણ વ્યક્તિઓને હતી. એક તો દેવશી ભગત, બીજા નાથા પટેલ અને ત્રીજી નગરશેઠની વિધવા માતા માણેક શેઠાણી.

માણેક શેઠાણી યુવાનવયે વિધવા થયા હતા અને તે અરસામાં જ યુવાન સંત મૂળદાસે ગામમાં આશ્રમની સ્થાપના કરી હતી. રાત્રે આશ્રમમાં કથા વંચાતી અને એક રાત્રે કથામાં નિયમિત જનાર માણેક શેઠાણીનો પગ આશ્રમમાં મચકોડાઈ જવાના બહાનાં નીચે રાત ત્યાં જ રહી ગયા. સંતની પાછળ મુગ્ધ બની જનાર માણેક શેઠાણીએ, તકનો લાભ લઈ યુવાન મૂળદાસને પોતાની જાગ્રત થયેલી કામવાસનાને તૃપ્ત કરવા આજીજી કરી પણ એ સાચા સંતે ઉપદેશ આપી તેને સમજાવી દીધું કે માનવ જીવનનું સત્ત્વ તો તેના ચારિત્ર અને શીલમાં રહ્યું છે. તે ગુમાવ્યાં પછી તેનામાં અને પશુમાં માત્ર શરીર પૂરતો જ ફરક રહે છે. ત્યારથી માણેક શેઠાણીના જીવનનું પરિવર્તન થયું અને તે એક આદર્શ વિધવા જીવન જીવવા લાગ્યા. ઉતરતી વયમાં સંતના પતનની આવી વાત માણેક શેઠાણી કઈ રીતે સાચી માની શકે?

દેવશી ભગત અને નાથા પટેલે માણેક શેઠાણીને વિનતિ કરી કે તેણે કોઈ પણ રીતે આશ્રમમાં સુંદરીનો સંપર્ક સાધી સાચું રહસ્ય જાણી લેવું જોઈએ. કુદરતે પુરૂષને બે ચક્ષુઓ આપ્યા છે, પણ સ્ત્રીઓને આવી બાબતમાં બે ચક્ષુઓ ઉપરાંત ત્રીજું એક આંતરચક્ષુ પણ આપેલું છે. સુંદરીના પતનની બાબતમાં માણેક શેઠાણીને મૂળથી જ પેલા છેલબટાઉ પર શંકા હતી જ. તેથી આશ્રમમાં જઈ સુંદરીને વિશ્વાસમાં લઈ તેને કહ્યું; 'દીકરી! તારા પતન માટેનો સાચો જવાબદાર પેલો છેલબટાઉ તો મોજ કરે છે, અને નિર્દોષ સંત પર માછલા ધોવાય છે, તેનું તને કાંઇ થતું નથી?'

સુંદરીએ તમામ હકીકત જેમ બની હતી તેમ કહી સંભળાવી અને ગદ્ગદ્ સ્વરે કહ્યું; 'સંત તો મારા પિતા છે અને આ બાબત અંગે મને ચૂપ રહેવા તેમણે આજ્ઞા આપી છે. હવે કહો, આવા પિતાની આજ્ઞાનું હું કઈ રીતે ઉલ્લંઘન કરી શકું?'

થોડા દિવસ પછી ગામ લોકોનું ટોળું સરઘસ આકારે આશ્રમ બાળવા નીકળ્યું. ટોળાની આગેવાની પેલા કુકર્મી–અપરાધી છેલબટાઉએ જ લીધી હતી. સમાજમાં સફેદ ઠગો જ ધર્મ ધુરંધરોની માફક દાંભિક દેખાવ કરતાં ફરતા હોય છે, અને જે પોલું હોય તેનો અવાજ મોટો આવતો હોય છે, એવો કાંઈ કુદરતનો જ નિયમ લાગે છે. ટોળું આશ્રમના પ્રવેશદ્વાર પાસે પહોંચ્યું એટલે અંદરથી દેવશી ભગત, નાથા પટેલ અને માણેક શેઠાણી બહાર આવ્યા. માણેક શેઠાણી તો એક જાજરમાન પ્રૌઢ નારી હતા અને ગામ લોકો તેમની ભારે આમન્યા જાળવતા, ટોળાંની સામે જોઈ કોમળ અને કરુણ સ્વરે તેમણે કહ્યું: 'મહાનુભાવો! મને કહેતાં ક્ષોભ અને સંકોચ થાય છે, પણ




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સુંદરીના પાપનો સાચો જવાબદાર તો તમારો આગેવાન પેલો રંગીલો છેલબટાઉ છે. સંત મૂળદાસજીએ તો આપઘાત કરતી સુંદરીને બચાવવા અર્થે જ આ પાતક પોતાના શિરે વ્હોરી લીધું છે.'

ચારે બાજુ હાહાકાર ફેલાઈ ગયો અને સૌ પેલા છેલબટાઉ ઉપર તૂટી પડ્યાં. છેલબટાઉ આશ્રમમાં ઘૂસી જઈ સંતના પગ પકડી બેસી ગયો અને કરગરતો બોલ્યો : 'મહાત્મા ! હું અધમ અને મહાપાપી છું, આપ જ માત્ર મને બચાવી શકો તેમ છો.' લોકોએ સંતને એ પાપીને સોંપી દેવા પ્રાર્થના કરી ત્યારે પ્રેમાર્દ્ર ભાવે લોકોને સમજાવતાં સંતે કહ્યું : 'મહાનુભાવો ! તિરસ્કાર–નફરત અને ઘૃણા તો પાપ પ્રત્યે હોય, પણ પાપી પ્રત્યે તો કરુણા અનુકંપા અને ક્ષમા જ શોભે. વધુ પાપી પ્રત્યે વધુ દયા.' આ રીતે સંતે પેલા પાપીને બચાવી લીધો.

સંવત ૧૮૩૫ના ચૈત્ર શુદિ નોમના દિવસે અનેક લોકોના રૂદન અને ડૂસકાં વચ્ચે આ મહાન સંતે અમરેલીમાં સમાધિ લઈ સ્વેચ્છાપૂર્વક જીવનલીલા સંકેલી લીધી. અમરેલી શહેરની મધ્યમાં ટાવર પાસે આજે પણ 'મૂળદાસની જગ્યા' દૃષ્ટિગોચર થાય છે.




લોખંડ ના

"બીજાના આનંદ માટે કરવામાં આવેલી મહેનત ખુદ આપણને આનંદ આપે છે."

ગોળ અને ચોરસ સળીયા

પટ્ટી તેમજ પાટા

વિગેરે મળશે

ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ

રૂવાપરી રોડ : ભાવનગર

ટેલીગ્રામ : આયર્નમેન

ફોન
ઓફીસ ૫૬૫૦ / ૩૨૧૯
રેસીડેન્સ ૪૫૫૭ / ૫૫૨૫




For Private And Personal Use Only

# મંગલં ભગવાન વીરો
# યાને
# શ્રી મહાવીર જીવન જ્યોત



[ શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છના પરમ વિદુષી સાધ્વી શ્રી સુનંદાશ્રીજી મહારાજની સુશિષ્યા સુપ્રસિદ્ધ લેખિકા સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી (સુતેજ)એ લખેલ 'મંગલં ભગવાન વીરો યાને શ્રી મહાવીર જીવન જ્યોત' નામનો લગભગ પચીસ ફર્માનો ગ્રંથ તાજેતરમાં શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સંઘ-મુંબઈ તરફથી બહાર પાડવામાં આવેલ છે. યુગવીર આચાર્યદેવ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી તરફથી પણ પ્રસ્તુત ગ્રંથને 'આશીર્વચન અને શુભેચ્છા' પ્રાપ્ત થયા છે.

આપણે ત્યાં દિન-પ્રતિદિન બાહ્ય તપનું પ્રમાણ વધતું અને વધતું જ જાય છે, જે પ્રશંસનીય અને અનુમોદનીય છે, પરંતુ આવા તપની સાધના દ્વારા જે સાધવાનું છે તે તો આંતર શુદ્ધિ છે. આ બાબતમાં આપણે ગૌરવ કે અભિમાન લઈ શકીએ તેવું જોવામાં આવતું નથી. પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવના લેખકે બાહ્ય અને આભ્યંતર તપ પર પ્રસ્તાવનામાં વિશિષ્ટ સમજણ આપી છે તેમજ વર્તમાન કાળમાં તપગચ્છના સાધ્વીજીઓની જે શોચનીય પરિસ્થિતિ પરીવર્તી રહી છે તેનો દુ:ખદ ખ્યાલ આપ્યો છે. જે નીચે આપવામાં આવેલ છે. ]

ભગવાનના પચીશમા ભવમાં (નંદન રાજાના ભવમાં) ચારિત્ર ગ્રહણ કર્યું તે જ દિવસથી જીવનપર્યંત એટલે કે એક લાખ વર્ષ સુધી માસક્ષમણના પારણે માસક્ષમણની કઠોર તપશ્ચર્યા ચાલુ રાખી હતી. એટલે અંતિમ ભવની સાડા બાર વર્ષની તપશ્ચર્યાની સરખામણીમાં તો પચીશમા ભવની તપશ્ચર્યા દીર્ઘકાલની હતી. પરંતુ અંતિમ ભવની તપશ્ચર્યામાં વિશિષ્ટતા એ હતી કે ભગવાને તપની સાથે સાથ આંતરદૃષ્ટિ ઉમેરી બાહ્યતપને અંતર્મુખ બનાવ્યું. બાહ્યતપ એ સાધન છે અને તેનું સાધ્ય જીવનનો અંતર્મળ ફેંકી દેવાનો છે આમ તો વાસનાઓને ક્ષીણ કરવા અર્થે જોઈતું આધ્યાત્મિક બળ કેળવવા માટે શરીર-મન-ઇન્દ્રિયને તાવણીમાં તપાવાય છે, તે તે બધું જ 'તપ' છે. પણ તપના મુખ્ય બે ભેદ છે : એક બાહ્ય અને બીજું આભ્યંતર. જેમાં શારીરિક ક્રિયાની પ્રધાનતા હોય અને જે બાહ્ય દ્રવ્યની અપેક્ષા વાળું હોવાથી બીજાઓ જોઈ શકે તે બાહ્ય તપ તેથી ઉલટું જેમાં માનસિક ક્રિયાની પ્રધાનતા રહેલી છે તે આભ્યંતર તપ છે. બાહ્યતપનું મહત્ત્વ પણ આભ્યંતર તપની પુષ્ટિમાં ઉપયોગી થવાની દૃષ્ટિએ જ મનાયેલું છે. બાહ્યતપ એ દમન છે, સાધના છે પણ તેનાથી જે સિદ્ધ કરવાનું છે તે શમન-એ આભ્યંતર તપ છે. આપણે ત્યાં બાહ્ય અને આભ્યંતર તપની વ્યવસ્થા ઉત્તમોત્તમ છે. આભ્યંતર તપમાં જીવન શુદ્ધિ શકય બને છે. મહર્ષિ પતંજલિએ યોગસૂત્રમાં તપને ક્રિયાયોગ કહ્યો છે અને તેથી ક્રિયાયોગથી જુદો રાજયોગ સ્વીકા-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રવો પડ્યો છે. આપણે ત્યાંના તપની વ્યવસ્થામાં ક્રિયાયોગ અને જ્ઞાનયોગ બંનેનો સમાવેશ થઈ જાય છે. ભગવાનના પાછલા ભવોની તપશ્ચર્યા અને અંતિમ ભવની તપશ્ચર્યા વચ્ચેનો આ ભેદ ધ્યાનમાં રાખવા જેવો છે. તપ એ જીવન શુદ્ધિની અણુમૂલ સાધના છે, અને દેવ·લોકની પ્રાપ્તિ નહિ પણ જીવન શુદ્ધિ, સ્ફટિક જેવું નિર્મળ ચારિત્ર એ જ તપની સાચી સિદ્ધિ છે. દેવલોકમાં તો આપણો જીવ અનેકવાર ચક્કર મારી આવ્યો છે, પણ તેનાથી જન્મ–મરણના ચક્કરનો અંત નથી આવ્યો. એ અંત માટે તો જીવન શુદ્ધિ જ પ્રાપ્ત કરવી રહી. જીવન શુદ્ધિ એ જ મોક્ષમાર્ગની પ્રાથમિક ભૂમિકા છે. આવા સફળ સાધકો માટે જ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે "યોગશાસ્ત્ર" (પ્રકાશ ૧૨–૫૧)માં જણાવ્યું છે કે "ભલે મોક્ષ થયો કહેવાય કે ન કહેવાય પરંતુ જે પરમાનંદ મળે છે તેનો અનુભવ તો થાય જ છે. એ પરમાનંદની આગળ સંસારના તમામ સુખ તુચ્છ જેવા–નહિ જેવા લાગે છે."

ભગવાન મહાવીરના જન્મ સમયે નારી જગતની વિડંબનાનો ખ્યાલ આપતાં સાચું જ ચિત્ર આપતાં લખ્યું કે "નારી વર્ગ પુરુષની પરતંત્રતા રૂપ બેડીમાં જકડાઇ ભારે પરેશાની ભોગવી રહ્યો હતો! પુરુષે પોતાના પાશવી બળથી નારી જાતિને વિડંબવામાં બાકી નહોતી રાખી! છડેચોક નારીબજાર ભરાતા અને સ્ત્રીઓનું જાહેર લીલામ થતું!! સતીઓનું સતીત્વ લુંટાતું! નારીઓનું નારીત્વ! પુરુષના પાશવી બળ-તળે ચગદાયેલી નારીઓ પોતાની સ્વતંત્રતા ભૂલી ગઇ હતી" (ગ્રંથ પાનું ૩૫૨).

મહાન્ ક્રાંતીકારી ભગવાન મહાવીરે નારી જાત અંગે માનવ જગતને નવી જ દૃષ્ટિ આપી છે. જૈન ધર્મની દૃષ્ટિએ નર અને નારી બંનેનો દરજ્જો સમાન છે. ઉપાસક દશાંગ સૂત્રમાં ભગવાન મહાવીરના ઉપાસકોની જે વાતો આવે છે, તેમાં જેટલો અધિકાર શ્રાવકનો બતાવ્યો છે, તેટલો જ અધિકાર શ્રાવિકાઓનો પણ બતાવ્યો છે. દાંપત્ય જીવનમાં પતિ અને પત્નીને જે વ્રતો આપેલા છે, તેમાં કોઇ ભેદભાવ જોવામાં આવતો નથી. એવું જ વલણ ભગવાને પુરૂષ સ્ત્રીના મહાવ્રતોની બાબતમાં પણ અપનાવેલું છે."

"સ્ત્રી લિંગે સિદ્ધા" "પુલિંગે સિદ્ધા" કહીને મુક્તિમાર્ગમાં પણ સ્ત્રી પુરુષને સમાન અધિકાર જ આપેલા છે. ભગવાને જેમ શ્રાવ-કોને ધર્મલાભ કહેવરાવ્યા છે, તેમ શ્રાવિકા-ઓને પણ ધર્મલાભ કહેવરાવ્યા છે. ભગવાનની પર્ષદામાં પુરુષ જેમ શંકાના સમાધાન માટે પ્રશ્નોત્તરી કરી શકતો, તેમ સ્ત્રીઓ પણ કરી શકતી. ખુદ ભગવાને પોતે જ ચંદનબાળાને પ્રવ્રજ્યા આપી તેને પ્રવર્તિની પદે સ્થાપી સાધ્વીસંઘની વ્યવસ્થા સોંપી.

મુક્તિમાર્ગમાં મહત્તા તો સાધનાની છે, વેશ–જાતિ–લિંગનું કશું મહત્ત્વ નથી. સ્ત્રી જો વાસનાની પુતળી હોત, નરકની ખાણ હોત (અજાયબી તો એ છે કે સ્ત્રીને નરકની ખાણ કહેનારો મૂર્ખ પોતે એ નરકની ખાણમાંથી ઉત્પન્ન થયો છે એ વાત ભૂલી જાય છે.) અગર મોક્ષમાર્ગમાં બાધક હોત તો નારીને સમાન હક્ક આપી ભગવાને સાધ્વીસંઘની સ્થાપના ન કરી હોત! શાસ્ત્રોમાં તો સંસારી જીવનમાં પણ નારી જાતને "સહધર્મચારિણી" અને "રત્નકુક્ષિ·ધારિણી" તરીકે ઓળખાવી છે. ગિરનારની ગુફામાં મુનિ રથનેમિ જ્યારે ચારિત્રથી વિચલિત થયા ત્યારે સાધ્વી રાજીમતીએ જ તેને 'સેયં તે મરણ ભવે' અર્થાત્ ચારિત્રહીન જીવતર કરતાં મૃત્યુ જ શ્રેયસ્કર છે, એવો ઉપદેશ આપી બચાવી લીધા હતા. સિંહગુફાવાસી મુનિરાજ પતનને માર્ગે જતાં શુદ્ધ શ્રાવિકા કોશાએ જ ચાલાકી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને યુક્તિપૂર્વક તેમને બચાવી લીધા હતા. આવા તો અનેક દાખલાઓ જોવામાં આવે છે.

વિદ્વાન મુનિશ્રી નેમિચંદ્રે તેમના એક લેખમાં નગ્ન સત્ય જાહેર કરતાં લખ્યું છે કે "પુરુષ પોતાની વાસના પર જ્યારે કાબુ રાખી શકતો નથી, અથવા પુરુષની દૃષ્ટિમાં સ્ત્રીને જોઈને જ્યારે વિકાર આવ્યો ત્યારે તેણે પોતાની દૃષ્ટિ કે વાસનાને વશ કરવાને બદલે તેમજ પોતાની ઈન્દ્રિયો અને મન પર અંકુશ રાખવાને બદલે નારીની નિંદા કરવાનું શરૂ કર્યું. તેમાં દોષ સ્ત્રીનો નહિ પણ પુરુષનો છે. સ્ત્રીને નીચા દરજ્જાની બતાવીને પોતાની જાતને ઊંચા દરજ્જાની બતાવવામાં પુરૂષના અહંકાર સિવાય શું છે? કયા ગુણમાં પુરુષ સ્ત્રીથી ચડિયાતો છે? સુરા, સુંદરી, દ્યુત, સત્તાલાલસાના ચક્કરમાં ફસાયેલો પોતાને નારીજાતિ કરતાં ચઢિયાતો હોવાનો દાવો ભલે કરે પણ એ દાવો પોકળ છે."

આપણે ત્યાં સાધ્વીજીઓ માટે આજે પણ કેટલીક અનિચ્છનીય નીતિ રીતિ ચાલી રહેલી જોવામાં આવે છે. જૈનોના વિધવિધ ફિરકાઓમાં આજે અનેક વિદ્વાન અને વિદુષી સાધ્વીઓ છે. સ્થાનકવાસી, તેરાપંથીઓમાં અનેક સાધ્વીજીઓ પાટ પર બેસી વ્યાખ્યાનો આપે છે. મૂર્તિપૂજકોમાં પણ શ્રી પાર્શ્વચંદ્રગચ્છ, અંચલગચ્છ, ખરતરગચ્છ, સુધર્મગચ્છ વગેરે ગચ્છોમાં સાધ્વીજીઓ વ્યાખ્યાનો આપે છે. પરંતુ તપગચ્છના સાધ્વીજીઓની સ્થિતિ જુદી છે. તેઓમાંથી કોઇ કોઈ વ્યાખ્યાનો જરૂર આપે છે. પણ તે સામે સૂગની દૃષ્ટિએ જોનારા અનેક રૂઢ અને જુનવાણી મહાનુભાવો આજે પણ આપણે ત્યાં પડેલા છે. આત્માની દૃષ્ટિએ સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ મૂળભૂત ફરક નથી, જે ભેદ છે તે તો માત્ર શરીરનો છે, પણ અંદરની ચીજ એક જ છે, આવું માનનારા આપણે જૈનો આપણી સાધ્વીજીઓ અને શ્રાવિકાઓ પ્રત્યે આવો ભેદભાવભર્યો વર્તાવ કેમ રાખી શકીએ?

સાધ્વીજીઓને વ્યાખ્યાનનો અધિકાર નહિ, દીક્ષા આપવાનો અધિકાર નહિ, પ્રતિષ્ઠાદિ ક્રિયા કરાવવાનો અધિકાર નહિ, આ અને આવી અનેક પ્રથાઓનો હવે અંત આવી જવો જોઇએ. આવી આવી વાતોને ટેકો આપતાં વિધાનો શોધી કાઢવા એ પણ આપણી અહંવૃત્તિનું જ માત્ર પ્રતીક છે. પ્રધાનતા નથી તો પુરુષની કે નથી તો સ્ત્રીની. પ્રધાનતા તો વ્યક્તિના શુદ્ધ અને નિર્મળ ચારિત્રની છે, પછી ભલે તે પુરુષ હોય કે સ્ત્રી હોય!

અનેક બાબતોમાં સાધુઓ અને સાધ્વીજીઓની સંસ્થા વચ્ચે ભેદભાવભર્યું વર્તન રખાય છે, તેના પરિણામે સાધુ સંસ્થામાં દિન-પ્રતિદિન શિથિલતા વધતી જતી જોવામાં આવે છે, ત્યારે આપણા સાધ્વીજી મહારાજોનું ચારિત્ર નિષ્કલંક અને ઉજ્જવલ છે. અભ્યાસની તેમ જ બીજી અનેક બાબતોમાં જો સાધ્વીજીઓ પ્રત્યે ઉપેક્ષા ન સેવાય, ઓરમાયું વર્તન ન દાખવાય, તો આજે પણ આપણે ત્યાં ચંદનબાળા અને મૃગાવતીની નાની આવૃત્તિઓ પ્રાપ્ત થઈ શકે તેવું છે. જે ઉત્તમ છે તેને ઉત્તમ તરીકે ઓળખવામાં શરમ કે લજ્જા શા માટે થવા જોઇએ? આપણા મહાન્ આચાર્ય શ્રીમદ્ હરિભદ્રસૂરિજી જેવાને એ યુગમાં સાધ્વીજી યાકિની મહત્તરાએ જ પ્રતિબોધ્યા હતા. એટલું જ નહિ પણ ભાગવતી દીક્ષા લીધા પછી એ સાધ્વીજીને માતા સ્થાને સ્થાપી એ મહાન્ આચાર્યે લખેલા ગ્રંથોમાં પોતાના માટે 'મહત્તરા યાકિનીસુત' "ધર્મપુત્ર" એવું વિશેષણ વાપરી સમગ્ર સાધ્વી સમુદાયનુ ગૌરવ વધાર્યું છે આપણે આપણા ભૂતકાળના ઇતિહાસમાંથી કશું જ નથી શીખતાં એવું શું નથી લાગતું?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુખપ્રાપ્તિનો માર્ગ

લેખક : જેમ્સ એલન

અનુવાદક : કલાવતી વોરા

જે દિવસે મનુષ્ય એ સમજવા લાગ્યો કે માણસ જાતે જ પોતાનો ઉદ્ધારક કે રક્ષક થઈ શકે છે, તે પોતે જ પોતાના દોષો, નિર્બળતાઓ કે પાપોનો નાશ કરી શકવા સમર્થ છે, તેની પોતાની અંદર જ સર્વ અજ્ઞાનતાનું અને તેથી દુઃખોનું કારણ રહેલું છે, તે દિવસ ખરેખર માનવજીવનના ઇતિહાસનો ધન્ય અને ચિરસ્મરણીય દિવસ છે. મનુષ્યનું મન જ શાંતિ કે શુભ તત્ત્વોનું ઉદ્‌ગમ સ્થાન છે. મનમાં ઊગતા સ્વાર્થપૂર્ણ વિચારો, અપવિત્ર વાસનાઓ અને ત્યાગરહિત કાર્યો સર્વ પ્રકારનાં દુઃખો પેદા કરનારાં ઝેરી બીજ છે. પવિત્ર ઇચ્છાઓ સત્યપ્રીતિ અને સારા કાર્યો આપણું કલ્યાણ કરનારાં અમૃતબીજ છે. માણસ જ્યારે અહંકાર છોડી દે છે ત્યારે શાંતિ અને સંતોષનો જેમાં નિવાસ છે એ પવિત્ર સ્થાન પ્રાપ્ત કરી શકે છે.

જે પોતાને પવિત્ર બનાવશે તે પોતાનાં અજ્ઞાનનો આપોઆપ નાશ કરશે. જે પોતાની જીભ પર કાબૂ રાખી શકે છે તે વિદ્વાનોની સભામાં ચર્ચામાં વિજયી થનાર કરતાં પણ શ્રેષ્ઠ છે. જે પોતાના મન પર કાબૂ રાખી શકે છે તે રાજાઓથી પણ અધિક બળવાન છે અને જે પોતાની જાતને બધી રીતે કાબૂમાં રાખી શકે છે તે દેવોથી પણ શ્રેષ્ઠ છે.

જે માણસ પોતાની ઇન્દ્રિયોનો ગુલામ છે તે જ્યારે એમાંથી છૂટવાનો પ્રયત્ન કરવો જોઈએ એમ સમજે છે ત્યારે તે માણસની જેમ માથું ઊંચુ કરી કહે છે 'હવે હું મારી ઇન્દ્રિયોનો સ્વામી બનીશ, એનો ગુલામ નહિ રહું.'

જ્યાં સુધી માણસ પોતાના અંતરને શુદ્ધ કરવાનો પ્રયત્ન નહિ કરે ત્યાં સુધી તેને ચિર સ્થાયી શાંતિનો માર્ગ નહિ મળે. સંપૂર્ણ સ્વાધીનતાથી અને જ્ઞાનથી જ પૂર્ણ શાંતિ અને કલ્યાણમય જીવનની પ્રાપ્તિ થાય છે.

જો આપણે રોજ એક કલાક એકાંતમાં ચૂપચાપ એકાગ્ર બની નૈતિક બાબતો અને જીવનમાં તેનું સ્થાન એ વિષે વિચાર કરીએ તો આત્મવિકાસ કરવામાં આપણને ખૂબ મદદ મળશે. એનાથી સ્થાયી શક્તિ અને શાંતિ મળશે અને તર્કયુક્ત તથા ન્યાયપૂર્ણ વિચાર કરતાં

---

**મહાવીર જીવન જ્યોત** ( પેજ ૧૬૩થી ચાલુ )

પૂ. સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજે જૈન તેમજ જૈનેતર સમાજને ઉપયોગી થઇ પડે એ રીતે શાસ્ત્રને વફાદાર રહી ભગવાન મહાવીરનું જીવન ચરિત્ર આલેખ્યું છે તે માટે હું તેઓશ્રીને ફરી ફરી મારા હાર્દિક અભિનંદન આપું છું, અને અમૂલ્ય રત્નોરૂપી આવા અનેક ગ્રંથો તેઓશ્રી આપણને આપ્યા કરે એવી શુભેચ્છા દર્શાવું છું.

લેખિકા સાધ્વીશ્રીનો મને અંગત પરિચય નથી, પરંતુ તેમના ગુરુણી પરમ વિદુષી પૂ. શ્રી સુનંદાશ્રીજી મહારાજશ્રીથી હું સારી રીતે પરિચિત છું. તેઓશ્રી દીર્ઘદૃષ્ટા, વિચારક અને અભ્યાસી છે. આવા ઉત્તમ કોટિના ગ્રંથની પ્રસ્તાવના લખવાનું કાર્ય પૂ. સાધ્વીશ્રી સુનંદાશ્રીજી મહારાજે મને સોંપ્યું તે માટે હું તેમનો અત્યંત ઋણી છું.

( 'મંગલં ભગવાન વીરો અને મહાવીર જીવન જ્યોત'ની પ્રસ્તાવનામાંથી )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણે શીખીશું. ગભરાતાં ગભરાતાં કામ ન કરવું. બધી શક્તિ વાપરીને કામ કરવું, નિઃસ્વાર્થ અને વ્યવસ્થિત જીવન વિતાવવું, હૃદયના આવેશોને જીતો, દરેક કામ નૈતિક સિદ્ધાંતોને લક્ષમાં લઇ કરો, એની વચમાં આપણી લાલસાઓ ન આવવા દો. એ વાતનો વિશ્વાસ રાખો કે સમય થતાં કાર્ય આપોઆપ પૂરૂં થશે. માત્ર આપણે એ નિયમિતરૂપે કરવું જોઇએ.

જેમ જેમ આપણે પૂર્ણતાની નજીક જતા રહીશું તેમ તેમ ભૂલો ઓછી થશે અને મહેનત પણ ઓછી પડશે. માટે આગળ વધતાં રહેવું.

સત્ય રાજા છે. શુદ્ધ જીવન એ એનો હીરાજડિત મુગટ છે. હૃદયની શાંતિ એ એનો અધિકાર છે અને મનુષ્યનો જીવ એનું સિંહાસન છે. દરેક હૃદયમાં બે રાજા છે. એક અત્યાચારી જે સર્વ ઝૂંટવી લે છે એનું નામ છે સ્વાર્થ. એની સેના છે વાસના, ઘૃણા, ઈર્ષા અને ઝઘડાના વિચારો તથા કાર્ય. બીજો સાચો હક્કદાર અને ન્યાયી રાજા છે એ છે સત્ય. પવિત્રતા, નમ્રતા, શાંતિના વિચારો વગેરે એની સેના છે. તમે કયા રાજાને નમો છો, કયા રાજાને મનમાં રાખો છો એ ન જાણતા હો તો યે તે તમારી અંદર છે જ.

જેના હૃદયમાં સત્યનું રાજ છે અને જે પોતાને એનો ભક્ત બનાવી શકે છે તે ધન્ય છે. તે અમર જીવન પ્રાપ્ત કરે છે. બાહ્ય વસ્તુ માત્ર નિશાની છે. અંદરની ભૂલો અને અપવિત્રતાઓનો નાશ કરવાથી જ સત્યની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન અને શાંતિ પ્રાપ્ત કરવાનો બીજો કોઈ માર્ગ નથી.

જ્ઞાનપૂર્વક મેળવેલી શાંતિ જ સ્થિર હોય છે. તોફાન આવ્યા પહેલાંની શાંતિ એ ખરેખર શાંતિ નથી. જે પૂરતા જ્ઞાન અને અનુભવ પછી મળે છે તે જ સાચી શાંતિ છે. સામાન્ય મનુષ્યો એવી શાંતિ નથી મેળવતા કારણ તે એને સમજતા કે ઓળખતા જ નથી. તેઓ ભૂલો અને અપવિત્ર કાર્યોથી અંધ બનેલા હોય છે. તેઓ જ્યાં સુધી અપવિત્ર કાર્યને છોડવા તત્પર નહિ બને ત્યાં સુધી તેઓ ત્યાગ દ્વારા પ્રાપ્ત થતી શાંતિને ઓળખવા પણ નહિ પામે. જ્યાં સુધી તે વાસનાઓને વળગેલા છે ત્યાં સુધી તેમને જ્ઞાન પ્રત્યે પ્રેમ નહિ જાગે. આપણે બીજાના દુઃખે થોડા પણ દુઃખી થઈએ તો કહી શકાય કે આપણે અન્યાય નથી ઇચ્છતા, આપણું દુઃખ સંપૂર્ણ રીતે આપણી મૂર્ખતા કે દુષ્કૃત્યોનું પરિણામ જ હોય છે, બહારથી નાખેલું હોતું નથી. આપણે જાતે જ સંકટ લઇએ છીએ. કોઈ ફરજિયાત રીતે એ નાખી નથી જતું. જો એમ ન હોત અને મનુષ્ય ખરાબ કામ કરી એના ફળથી બચી જતો હોત અથવા એનું ફળ કોઈ બીજા નિર્દોષને ભોગવવું પડતું હોત તો આ પૃથ્વી પર ઈશ્વરી ન્યાય જેવું કશું હોત જ નહિ, અને એવા ન્યાય વગર તો એક ક્ષણ માટે દુનિયા ચાલી ન શકે, પ્રલય થઇ જાય.

બહારથી મનુષ્ય બીજાને લીધે દુઃખી થતો હોય એમ દેખાય છે. એ ભ્રમ છે અને તે ભ્રમ જ્ઞાનથી નષ્ટ થાય છે. મનુષ્ય બહારની સ્થિતિનું પરિણામ નથી. બહારની સ્થિતિ મનુષ્યના પરિણામે છે.

માણસ દુઃખી થાય છે કારણ તે સ્વાર્થ પૂરો કરવા ઇચ્છે છે અને પરમાર્થથી દૂર ભાગે છે. સ્વાર્થને ચાહે છે માટે પોતાના ભ્રમોને ચાહે છે અને એ ભ્રમો જ તેને બાંધી રાખે છે. દુનિયામાં એક સર્વોત્કૃષ્ટ સ્વતંત્રતા છે જેને મનુષ્ય પાસેથી કોઈ ઝૂંટવી લઈ શકતું નથી; તે પોતે ઇચ્છે છે તો એને છોડી દઈ શકે છે. એ સ્વતંત્રતાનું બીજું નામ છે પ્રાણી માત્ર ઉપર પ્રેમ રાખવો અને તેમની સેવા કરવી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમાં જ દુનિયાની બધી સ્વતંત્રતા આવી જાય છે. આ સ્વતંત્રતા ગુલામ અને રાજા બંનેને સરખી જ મળી છે. જે એ સ્વાધીનતાનો ઉપયોગ કરશે તે બીજા બંધનોથી છૂટી જશે, એને અત્યાચારી કશું નહીં કરી શકે. એ એને રોકી નહીં શકે, એ સ્વતંત્રતાના ઉપયોગથી રાજા શુદ્ધ ન્યાયપરાયણ બની જશે. એને સુખભોગના બંધનમાં રાખવાવાળી પરિસ્થિતિ તેને પોતા તરફ ખેંચી નહીં શકે. ને ત્યારે એ ખરો રાજા બની જશે.

જેને શાંતિ મળી છે તેની વ્યાકુળતા, ભય, નિરાશા અને અશાંતિ જતાં રહ્યા છે. પછી તે ગમે તે પરિસ્થિતિમાં મુકાય તેની શાંતિ ટકી જ રહેશે. તે દરેક વસ્તુને બુદ્ધિથી અને યોગ્ય રીતે વાળી તોડી અનુકૂળ કરી લેશે. કોઇ બાબત એને દુઃખી નહીં કરી શકે. કોઈ એને હાનિ નહીં પહોંચાડી શકે કારણ તેણે એ અવિનાશી તત્ત્વ સાથે સંબંધ બાંધી દીધો છે. એ તત્ત્વ પર કોઇ પરિવર્તનનો પ્રભાવ નથી પડતો.

આવા અપરિવર્તિત સિદ્ધાંતોનું જ્ઞાન તે જ સાચું શાંતિદાતા જ્ઞાન છે. એ પવિત્રતા, ભલાઈ અને પરોપકારના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. એ જ જ્ઞાનથી તે અમર, અવિનાશી તત્ત્વો સાથે એકતા સાધે છે.

પ્રેમ, નમ્રતા, સભ્યતા, મનોનિગ્રહ, ક્ષમાશીલતા, ધૈર્ય, દયા, સ્વદોષ નિરીક્ષણ આ બધું આત્માનું કાર્ય છે. શરીર તો ખુશામત કરે છે, આત્મા જ ઠપકો આપે છે. શરીર આંધળાની જેમ ઇન્દ્રિયોને તૃપ્ત કરે છે. આત્મા એને વ્યવસ્થિત બનાવે છે. શરીર ગુપ્તતા ઈચ્છે છે. આત્મા તો સદાયે ખુલ્લો ને શુદ્ધ રહે છે. શરીર પોતાના મિત્ર દ્વારા પણ હાનિ પહોંચી હોય તો યાદ રાખે છે, જ્યારે આત્મા કટ્ટર શત્રુને પણ માફ કરી દે છે. શરીર અશિષ્ટ બને છે. આત્મા મૌન કૃપાળુ હોય છે. શરીર મિજાજી છે, આત્મા શાંત છે.

ધૃણા, અહંકાર, ક્રૂરતા, પર નદા, વેર, ક્રોધ, અત્યાચાર અને ખુશામત વગેરે શરીરનાં કાર્યો છે. જેટલાં તમે તમને પવિત્ર બનાવશો એટલાં જ તમે બીજાને ઉપકારી થઈ શકશો.

સત્યનું જ્ઞાન જ તેનો વ્યવહાર કરતાં શીખવે છે. સત્યનો વ્યવહાર ધીરે ધીરે થાય છે. પહેલાં બાળકની જેમ પ્રેમ કરતાં શીખવું જોઇએ. જેમ જેમ એમાં ઉન્નતિ થશે તેમ તેમ અંતઃકરણમાં પ્રકાશ ફેલાતો જશે પ્રેમને દૈવી તત્ત્વ સમજીને એને અનુસરીને આપણા વિચારો, વચનો અને કાર્યોને ગોઠવીએ તો પૂર્ણપણે પ્રેમ કરતાં આવડશે. જાતને બરાબર જોતા રહો અને જે કાંઈ કરો તે જો કદાચ સ્વાર્થપ્રેરિત હોય તો નિશ્ચય કરો કે આવું બીજી વાર નહીં કરૂં. આમ કરવાથી ધીરે ધીરે તમે નમ્ર અને નિઃસ્વાર્થી બનતા જશો અને તમારે માટે સહુનો પ્રેમ કરવો સરળ બનશે, અને પોતાના જ હૃદયમાં દૈવી તત્ત્વની ઝાંખી થશે.

આવો હૃદયનો પ્રકાશ જ્યાં લઈ જાય ત્યાં વિશ્વાસપૂર્વક જાવ. પોતાની નિર્મળતા જાણી લેવી હંમેશા લાભદાયક છે. કારણ એનું જ્ઞાન જ એમાંથી બહાર નીકળવા પ્રેરશે અને એ જ નિઃસ્વાર્થી પ્રેમ તરફ લઇ જશે. ભવિષ્યને અંધકારમય ન જુઓ. એવી કશી કલ્પના જ ન કરવી સારી છે, પણ કરવી જ હોય તો ઉજ્જવળ ચિત્ર જ કલ્પો અને હંમેશાં પોતાનું કર્તવ્ય નિઃસ્વાર્થી રીતે અને ઉત્સાહથી કરો. પ્રત્યેક દિન એના પ્રમાણમાં સુખ અને શાંતિ લાવશે અને ભાવિ માટે તેનો સંગ્રહ થશે, જે તમને સુખી બનાવશે.

ભૂલો સુધારવાનો સૌથી સારો ઉપાય કર્તવ્યનું પાલન એ જ છે. કોઈ લાભની આશા રાખ્યા વગર બને તેટલા બીજાને રાજી રાખવા પ્રયત્ન કરો, મધુર વચન બોલો, અને પ્રસંગે પરોપકાર કરો. કોઈ અપકાર કરે કે કટુવચન કહે ત્યારે બદલો લેવાની કોશિષ ન કરો. આ છે સુખપ્રાપ્તિનો માર્ગ.

*



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સ્વર્ગારોહણ તિથિની ઉજવણીનો ભવ્ય સમારંભ

મુંબઈમાં કોટ શ્રી શાંતિનાથજી જૈન દેરાસરના ઉપાશ્રય હોલમાં જેઠ વદી ૩ તા. ૧૪-૬-૭૬ સોમવારના અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ દ્વારા પરમ પૂજ્ય આચાર્ય વિજય મહિમાપ્રભસૂરીશ્વરજીની નિશ્રામાં યોગનિષ્ઠ આચાર્ય સ્વ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીની ૫૧ મી સ્વર્ગારોહણ તિથિનો ભવ્ય સમારંભ ઉજવવામાં આવ્યો હતો. શરૂઆતમાં સંસ્થાના એક ટ્રસ્ટીએ અને પછી સંસ્થાના પ્રમુખ ડો. રમણલાલભાઈ શાહ તેમજ ઉપપ્રમુખ શ્રી ગૌતમલાલ શાહે સ્વર્ગસ્થ આચાર્યશ્રીના જીવનકાર્યો તેમજ તેમણે બજાવેલી અપૂર્વ સાહિત્ય સેવાનો ખ્યાલ આપ્યો હતો.

આચાર્યદેવ શ્રી વિજયમહિમાપ્રભસૂરીશ્વરજીએ સ્વર્ગસ્થ આચાર્યશ્રીના જીવન પરથી લેવો જોઈતો બોધ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે સુપ્રસિદ્ધ સાહિત્યકાર મુનિશ્રી નિરંજનવિજયજીએ પણ પોતાનું વિદ્વતા પૂર્ણ વ્યાખ્યાન આપ્યું હતું.

શ્રી ગૌતમલાલ શાહે આભાર વિધિ કરી હતી.

**ભાવનગર**—અત્રેના શ્રી જૈન સંઘની ધાર્મિક શિક્ષણ સમિતિ તરફથી ઇ. સ. ૧૯૭૬ના મે માસમાં બહેનો માટે ૨૧ દિવસના એક "ધાર્મિક-સંસ્કાર અધ્યયન સત્ર"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ અધ્યયન સત્ર દરમિયાન ધાર્મિક શિક્ષણનું અધ્યાપન અને માર્ગદર્શનનું કાર્ય પૂ. સાધ્વીજી મહારાજ સાહેબ શ્રી હર્ષપ્રભાશ્રીજીએ સંભાળ્યું હતું. તેમના અધ્યાપનની શૈલી ખૂબ જ રોચક અને પ્રભાવશાળી તેમજ વિદ્વત્તાપૂર્ણ હતી. આ ૨૧ દિવસ દરમિયાન બહેનોએ ઘણા સુંદર સંસ્કાર તેમજ ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કર્યા છે. આ અધ્યયન સત્રના સંચાલનમાં જુનાગઢથી ખાસ આ કાર્ય માટે પધારેલા ધર્માનુરાગી કુ. ચંદનબેન ટી. દલાલ એમ.એ., એમ.એડ.નો ફાળો પણ મહત્ત્વનો હતો. તેઓએ અધ્યયન સત્રને રસમય અને વ્યવસ્થિત બનાવવામાં ખૂબ રસ લીધો હતો, અને બહેનોના જીવનમાં અંગત રસ લઈ શિસ્ત અને ધર્મભાવના જાગ્રત રહે તેવા પ્રયત્નો કર્યા હતા. અધ્યયન સત્રમાં એસ.એસ.સી. તેમજ કોલેજના બહેનો મળી કુલ ૨૧૭ બહેનોએ લાભ લીધો હતો. આ સત્રને સફળ બનાવવા માટે શેઠશ્રી મહાસુખરાય હીરાચંદ શાહ (મહુવાવાળા) અને અન્ય ગૃહસ્થોની આર્થિક સહાય અને પ્રેરણા અનુમોદનીય છે. સત્રને અંતે પરીક્ષા લઈ લગભગ ૧૫૦૦ રૂપિયાના ઈનામો વહેંચાયા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભાના સમાચાર

**ભાવનગર**—શ્રી જૈન આત્માનંદ સભા તથા શ્રેયસ જૈન મિત્ર મંડળના સંયુક્ત ઉપક્રમે મે માસમાં ૨૧ દિવસના એક જ્ઞાન–સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જ્ઞાન–સત્રમાં શ્રી કાન્તિલાલ જે. દોશી એમ એ.એસ.ટી.સી. તથા શ્રી પન્નાલાલ પી. મહેતાએ અધ્યાપન કાર્ય તથા સંચાલન કર્યું હતું. એસ.એસ.સી. અને કોલેજના વિદ્યાર્થી ભાઈઓએ આ જ્ઞાન–સત્રમાં 'જૈન દર્શન' તેમજ આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યનું 'જીવન અને કવન' એ વિષયોનો ઘનિષ્ઠ અભ્યાસ કર્યો હતો. જ્ઞાન–સત્રને અંતે તા. ૧૩–૬–૭૬ ને રવિવારના રોજ પરીક્ષા રાખવામાં આવી હતી. તેમાં નીચેના ભાઇઓ સૌથી સારા ગુણ પ્રાપ્ત કરી ઇનામ મેળવવાને પાત્ર થાય છે.

| | | ગુણ | ઈનામ |
|---|---|---|---|
| ૧ | વોરા વસંતરાય મણીલાલ | ૬૦ | રૂા. ૫૧ |
| ૨ | શાહ પ્રવિણચંદ્ર ડાહ્યાલાલ | ૫૯ | રૂા ૪૧ |
| ૩ | શાહ જયંતકુમાર પરમાણંદદાસ | ૫૮ | રૂા. ૩૧ |
| ૪ | શાહ જિતેન્દ્ર આર. | ૫૭ | રૂા. ૨૧ |
| ૫ | શેઠ ભરતકુમાર મનસુખલાલ | ૫૬ | રૂા ૧૧ |

આ ઉપરાંત અન્ય આશ્વાસન ઈનામો પણ આપવામાં આવશે. આ ઈનામો શ્રેયસ જૈન મિત્ર મંડળના ઇનામી સમારંભના સમયે એનાયત કરવામાં આવશે.

□

## સુવર્ણ ચંદ્રક તથા રૌપ્યચંદ્રક

શ્રી જૈન આત્માનંદ સભાની કારોબારી સમિતિએ નક્કી કર્યા મુજબ આ વર્ષનો મુનિશ્રી કાન્તિવિજયજી સુવર્ણયુક્ત ચંદ્રક ૧૯૭૬ની માર્ચમાં લેવાયેલી જુની એસ.એસ.સી માં સૌ પ્રથમ આવનાર ભાવનગરના વિદ્યાર્થી શાહ રાજેશ નવીનચંદ્ર ૭૭.૩૦% માર્કસ મેળવી જીતી જાય છે અને ભાવનગરમાં સંસ્કૃતમાં પ્રથમ આવનાર જૈન વિદ્યાર્થીને મળતો શેઠ દેવચંદ દામજી રૌપ્યચંદ્રક શાહ સ્નેહા ચંપકલાલ સંસ્કૃતમાં ૭૭% માર્કસ મેળવી પ્રાપ્ત કરે છે. બન્ને ભાઈ તથા બહેનને અમારા હાર્દિક અભિનંદન.

---

## સાભાર સ્વીકાર

૪૦ **શ્રી** દાન–પ્રેમ વંશવાટિકા :

યોજક : પૂ. ગણિ૦ શ્રી નિત્યાનંદવિજયજી
મૂલ્ય : રૂા. ૨–૦૦
પ્રકાશક : આર્યશ્રી જંબુસ્વામી જૈન મુક્તાબાઇ આગમ મંદિર
શ્રીમાળીવાડા, ડભોઈ

૪૧ જન્મસમુદ્રજાતક :

સંસ્કૃતમાં મુ. લે કાસહૃદગચ્છીય નરચંદ્રોપાધ્યાય
અનુવાદક : પં. ભગવાનદાસ જૈન
પ્રકાશક : શ્રી વિશા પોરવાલ આરાધના ભવન (જૈન સંઘ) વેજલપુર–ભરૂચ (ગુજરાત)
મુલ્ય ૪–૦૦ રૂપિયા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વર્ગવાસ નોંધ



આપણી સભામાં અઢારેક વર્ષથી નોકરી કરતા ભાઈશ્રી મણીલાલ મોહનલાલ શાહનું સંવત ૨૦૩૨ના જેઠ વદ ૯ને તા. ૨૧-૬-૭૬ને સોમવારના રોજ અવસાન થયું તેની નોંધ લેતા અમો ઘણું દુઃખ અનુભવીએ છીએ.

શ્રી મણીભાઈએ સતત અઢાર વર્ષથી દિલ દઈને સભાની આત્મીયભાવે સેવા કરી છે. સભાનું કાર્ય કરવા તે ગમે તે પળે તૈયાર રહેતા. કોઈ પણ જાતની નારાજી બતાવ્યા સિવાય હરપળે સભાની સેવા કરવી એને તે મહત્ત્વનું ગણતા. તેઓ સ્વભાવે શાંત અને મીલનસાર હતા. તેમના અવસાનથી તેમના કુટુંબીજનો પર આવી પડેલ દુઃખમાં અમો દિલસોજી વ્યક્ત કરીએ છીએ અને તેમનો આત્મા જ્યાં હોય ત્યાં ચિરસ્થાયી શાંતિ પામો એવી પ્રાર્થના.

●

## સ્વર્ગવાસ નોંધ

મુંબઈ—શાહ ભોગીલાલ બાદરમલનો મુંબઈ ખાતે સ્વર્ગવાસ થતા તેની નોંધ લેતા અમો ઘણી દીલગીરી અનુભવીએ છીએ. તેઓશ્રી ખૂબ ધાર્મિક લાગણીવાળા હતા અને આ સભાના આજીવન સભ્ય હતા. પરમાત્મા તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.

જ્ઞાનનો દીપક પ્રગટાવશો તો
હતાશાનો અંધકાર હટીને દિવાળી પ્રગટી રહેશે.



દરેક પ્રકારના...
સ્ટીલ તથા વુડન ફર્નીચર માટે
મહાલક્ષ્મી સ્ટીલ કોર્પોરેશન
શો રૂમ :— ગોળ બજાર ▭ ભાવનગર ▭ ફોન નં. 4525



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેના બેંક કૅશ સર્ટિફિકેટ

## ખરીદીને હવે ૨૦ વર્ષમાં આપનાં નાણાં આતગણાંથી અધિક કરો !

**રૂ. ૧૩,૬૪૬.૧૫ હમણાં રોકો અને રૂ. ૧,૦૦,૦૦૦ પાકતી મુદતે મેળવો.**

દેના બેંક કૅશ સર્ટિફિકેટ, બાજુના કોઠામાં દર્શાવ્યા પ્રમાણે, આકર્ષક વેચાણ કિંમતે ઓછી રકમનાં અને ઓછી મુદત માટે પણ મળે છે.

જરૂરત પડતાં, દેના બેંક કૅશ સર્ટિફિકેટ તેની ખરીદ તારીખથી એક વર્ષ બાદ ગમે ત્યારે વટાવી શકાય છે. આપ એની સામે બેંક પાસેથી લોન પણ માગી શકો છો.

વિગતો માટે આપની નજીકની દેના બેંક શાખાની મુલાકાત લો.

બેંક ડિપોઝિટો પરનું વ્યાજ તથા અન્ય માન્ય મૂડી રોકાણોમાંથી થનારી આવક વાર્ષિક રૂ. ૩,૦૦૦ની મર્યાદા સુધી આવકવેરામાંથી મુક્ત રહેશે; બેંકમાં મૂકેલી ડિપોઝિટો અને અન્ય માન્ય મૂડી રોકાણો રૂ. ૧,૫૦,૦૦૦ સુધી સંપત્તિવેરામાંથી મુક્ત રહેશે.

| મુદત | વેચાણ કિંમત | પાકતી મુદતે મળનારી રકમ |
|---|---|---|
| ૨૦ વર્ષ | રૂ. ૧૩.૬૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૧૩૬.૪૬ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૬૮૨.૩૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૧,૩૬૪.૬૨ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૬,૮૨૩.૦૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૧૩,૬૪૬.૧૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૫ વર્ષ | રૂ. ૨૨.૪૫ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૨૨૪.૫૨ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૧૨૨.૬૧ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૨,૨૪૫.૨૧ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૧,૨૨૬.૦૭ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૨૨,૪૫૨.૧૩ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૧૦ વર્ષ | રૂ. ૩૬.૯૪ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૩૬૯.૪૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૧,૮૪૭.૦૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૩,૬૯૪.૦૭ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૧૮,૪૭૦.૩૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૩૬,૯૪૦.૭૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| વર્ષ | રૂ. ૫૫.૦૨ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૫૫૦.૧૮ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૨,૭૫૦.૮૯ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૫,૫૦૧.૭૮ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૨૭,૫૦૮.૮૯ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૫૫,૦૧૭.૭૮ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૬૧ મહિના | રૂ. ૬૦.૨૮ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૦૨.૭૭ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૦૧૩.૮૩ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૦૨૭.૬૬ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૦,૧૩૮.૨૮ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૦,૨૭૬.૫૫ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૪ વર્ષ | રૂ. ૬૯.૮૬ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૬૯૮.૬૧ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૪૯૩.૦૭ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૬,૯૮૬.૧૪ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૪,૯૩૦.૭૧ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૬૯,૮૬૧.૪૧ | રૂ. ૧,૦૦,૦૦૦ |
| ૩ વર્ષ | રૂ. ૭૬.૪૧ | રૂ. ૧૦૦ |
| | રૂ. ૭૬૪.૧૫ | રૂ. ૧,૦૦૦ |
| | રૂ. ૩,૮૨૦.૭૪ | રૂ. ૫,૦૦૦ |
| | રૂ. ૭,૬૪૧.૪૯ | રૂ. ૧૦,૦૦૦ |
| | રૂ. ૩૮,૨૦૭.૪૫ | રૂ. ૫૦,૦૦૦ |
| | રૂ. ૭૬,૪૧૪.૯૦ | રૂ. ૧,૦૦,૦૦૦ |

**દેના બેંક**

(ગવર્નમેંટ ઑફ ઇંડિયા અંડરટેકિંગ)

હેડ ઑફિસ : હૉર્નિમેન સર્કલ, મુંબઈ ૪૦૦ ૦૨૩

Rates Batra DB/G/27

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# આપની થાપણ વધતી જ રહે છે
# અમારી પુનઃ રોકાણ યોજનામાં

સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રની પુનઃ રોકાણ યોજનામાં
થાપણ પર ૧૭%થી પણ વધારે વળતર શકય છે.
તેથી આજે રૂા. ૫૦૦૦/ની થાપણ ૧૨૦ માસ માટે
મુકવામાં આવે તો રૂા. ૧૩,૫૩૫,૨૦ પાછા મળે.

પુનઃ રોકાણ યોજનામાં રૂા. ૧૦૦૦/ની થાપણ પણ
૨૫ માસથી ૧૨૦ માસ સુધીની મુદત માટે
સ્વીકારવામાં આવે છે.

બચતોને અમારી પુનઃ રોકાણ યોજના નીચે રોકવામાં આવે તો
સંતાનોના શિક્ષણ, લગ્ન જેવી કોટુંબિક જવાબદારીઓ અંગે
ચિંતા કરવાની જરુર રહેતી નથી. વાસ્તવમાં અમારી
પુનઃ રોકાણ યોજના આપ તથા આપના કુટુંબ માટે
સુવર્ણમય ભવિષ્યની ખાત્રી સમાન છે.

વધુ વિગત માટે ખાતું ખોલાવવા માટે
નજીકની શાખાના મેનેજરની મુલાકાત લ્યો.

## સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડઓફીસ : ભાવનગર ૩૬૪૦૦૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd B.V. 31


# ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રન્થો

## संस्कृत ग्रंथो

| | रु. पै. |
|---|---|
| १ वसुदेव हिण्डी द्वितीय अंश | १०–०० |
| २ बृहत्कल्पसूत्र भा. ६ष्ठः | २०–०० |
| ३ त्रिषष्टिशलाकापुरुषचरित–महाकाव्यम् भा. २, पर्व २, ३, ४ (मूळ संस्कृत) पुस्तकाकारे | १५–०० |
| ४ ,, ,, प्रताकारे | १५–०० |
| ५ द्वादशारं नयचक्रम् | ४०–०० |
| ६ सम्मतितर्कमहार्णवावतारिका | १५–०० |
| ७ तत्त्वार्थाधिगमसूत्रम् | १५–०० |
| ८ प्रबंधपंचशती | १५–०० |
| ९ स्त्रीनिर्वाणकेवलिभुक्तिप्रकरणे | ६–०० |
| १० श्री शान्तिनाथ महाकाव्यम् आ. श्री भद्रसूरीविरचितम् | १०–०० |

*

## અંગ્રેજી ગ્રંથો

| | Rs. Ps. |
|---|---|
| 1 Anekantvad by H. Bhattacharya | 3–00 |
| 2 Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth | 35–00 |

*

## ગુજરાતી ગ્રંથો

| | રૂ. પૈ |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૨૨-૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૨–૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૫-૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્નો ભા. ૨ | ૩–૦૦ |
| ૬ કથા રત્ન કોષ ભા ૧ | ૧૪–૦૦ |
| ૭ કથા રત્ન કોષ ભા. ૨ | ૧૨–૦૦ |
| ૮ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૯ જ્ઞાન પ્રદીપ (ભા. ૧ થી ૩ સાથે) | ૧૨–૦૦ |
| સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી રચિત | |
| ૧૦ ધર્મ કૌશલ્ય | ૩–૦૦ |
| ૧૧ અનેકાન્તવાદ | ૩–૦૦ |
| ૧૨ નમસ્કાર મહામંત્ર | ૩–૦૦ |
| ૧૩ ચાર સાધન | ૩–૦૦ |
| ૧૪ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૩–૦૦ |
| ૧૫ જાણ્યું અને જોયું | ૩–૦૦ |
| ૧૬ સ્યાદ્વાદમંજરી | ૧૭–૦૦ |
| ૧૭ ભ. મહાવીર યુગનાં ઉપાસિકાઓ | ૩–૦૦ |
| ૧૮ પૂજ્ય આગમપ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પાકું બાઈન્ડીંગ | ૬–૨૫ |
| કાચું બાઈન્ડીંગ | ૫–૨૫ |

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોસ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

**શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર**


તંત્રી : શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ, સાધના મુદ્રણાલય : દાણાપીઠ–ભાવનગર

For Private And Personal Use Only